# માંગીતુંગી

નામ તથા એડ્રેસ : શ્રી માંગીતુંગી દિગંબર જૈન સિદ્ધક્ષેત્ર
તા. સટાણા, જિ. નાસિક (મહા.)

આવાગમન... રેલ્વે સ્ટેશન-મનમાડ-૧૦૦ કિ.મી.
બસ સ્ટેન્ડ-તાહરાબાદ-૧૧ કિ.મી

પહોંચવાનો સરળમાર્ગ... મનમાડ, માલેગાંવ, નાસિકથી બસ દ્વારા.

નજીકનું શહેર... મનમાડ-૧૦૦ કિ.મી.

નજીકના તીર્થક્ષેત્ર... ગજપંથા-૧૨૫ કિ.મી., મહુવા-૧૭૫ કિ.મી., એલોરા-૧૮૦ કિ.મી., કચનેર-૨૫૦ કિ.મી., પૈંઠણ-૨૫૦ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ સિદ્ધક્ષેત્રમાં ૩૫ રૂમો અટેચ્ડ બાથરૂમવાળા છે અને ૩૫ રૂમો કોમન (બાથરૂમ વગરના) છે. તથા ૫ મોટા હૉલ છે. યાત્રિઓ માટે ભોજનશાળા ચાલુ છે.

- આ સિદ્ધક્ષેત્રમાં ૧૫ મંદિરો છે. ૭ મંદિર માંગીજી ઉપર છે, ૪ મંદિર તુંગીજી ઉપર છે અને ૩ મંદિર તળેટીમાં છે. સહસ્રકૂટ જિનમંદિરમાં ૧૦૦૮ પ્રતિમાઓ છે.
- આ સિદ્ધક્ષેત્ર દક્ષિણ ભારતનું સમ્મેદશિખર કહેવાય છે. અહીંથી શ્રીરામ, હનુમાન, સુગ્રીવ, નીલ, મહાનીલ સહિત ૯૯ કરોડ મુનિરાજ મોક્ષે ગયા છે. સીતાજી પણ અહીંથી સ્ત્રીલિંગ છેદીને ૧૬મા સ્વર્ગમાં પ્રતિઈન્દ્ર થઈ છે. શ્રીકૃષ્ણનું મૃત્યુ અને દાહસંસ્કાર પણ અહીં થયો છે.